આપનું સપ્તાહ કેવું જશે?

તા.૨૦/૦૭/૨૦૨૬ થી તા.૨૭/૦૬/૨૦૨૬ સુધી

લેખકઃ જ્યોતિષાચાર્ય હંસરાજ મો. નં.: 9825726442
E-mail : bharatjyotish03@yahoo.co.in

મેષ (અ,લ,ઈ):- ચાલુ વીકમાં પોતાની ક્ષમતાનો ઉપયોગ બરાબર કરવાનો મોકો મળશે નહીં. ગુસ્સામાં વિવાદ ટાળવો. નવું કામ કરવામાં વિઘ્નો આવશે. ઉધાર લેવાનું ટાળવું. મહત્ત્વના કામમાં જીવનસાથી- કુટુંબનો સાથ મળે. વડીલોની સલાહ, સરકારી કામ, કોર્ટ, કચેરીમાં ઉપયોગી રહેશે. સંતાનોના કામમાં મદદ મળે. પ્રેમ વિવાહની ઓફર આવી શકે છે. આરોગ્યનું ધ્યાન રાખવું પડશે. નવી યોજનામાં પ્રગતિ થાય. સરકારી યોજનાનો લાભ મળે.

વૃષભ (બ,વ,ઉ):- નવી તકોથી વીકની શરૂઆત થાય. સમાજ, પરિવારમાં પ્રભાવ વધે. વિદ્યાભ્યાસમાં નવું શીખવા મળે. પ્રેમમાં તાલમેળ રાખવો. નવા રોકાણથી લાભ થાય. હરીફોથી શાંતિ મળે. નોકરીમાં પ્રમોશન થાય. સરકારી નોકરિયાતને નવી જવાબદારી વધે. આરોગ્ય નરમ રહે. નોકરી-ધંધામાં આવક વધે. નવાં કામ મળે. નવી યોજના બને અને ભાગીદારીમાં અનુકૂળતા વધે. ઉમરલાયકને યોગ્ય પાત્ર મળે.

મિથુ (ક,છ,ઘ):- મહત્ત્વના કામ માટે પ્રવાસ અનુકૂળ રહે. નવું શીખવા માટેની તકવાળું વીક રહેશે. અટકેલાં કામ પાર પડે. જૂનાં મિત્રોને મળવાનું બને. વારસા-મકાન બાબતે વડીલોની મદદ મળે. પ્રેમમાં ભેટ-સોગાદથી વિશ્વાસ વધે. સંતાન-જીવનસાથી, મિત્રો અને નાના ભાઈ બહેનની મદદ મળવાથી આત્મવિશ્વાસ વધશે. નવા સંપર્કોથી લાભ થાય. નોકરીમાં નવી જવાબદારીથી પ્રભાવ વધે.

કર્ક (ડ,હ):- સપ્તાહ મહત્ત્વનાં કામ, સોદા કે લેવડદેવડ બાબતે સફળતા સૂચવે છે. આર્થિક પ્રગતિ થાય. ઉઘરાણી આવવાથી નવાં રોકાણ થાય. પ્રવાસ પર્યટન, શિક્ષણ, દલાલી જેવા કામમાં ભાગ્યનો સાથ મળે. પરિવારમાં વડીલોના આરોગ્યનું યોગ્ય નિદાન થાય. નવી નોકરીની તક મળે. જમીન-મકાન બાબતે અનુકૂળતા વધે. બહારનાં કામ પાર પડે. પ્રેમ પ્રકરણમાં લાગણી પર કાબૂ રાખવો. મન અશાંત.

સિંહ (મ,ટ):- સપ્તાહ તમારી વ્યવહારકુશળતા, વહીવટી કુનેહનો ઉપયોગ કરવાની તકવાળું રહેશે. નવું શીખવા મળે. પારિવારિક ધંધામાં નફો વધે. હિંમત અને આત્મવિશ્વાસ વધે તેવાં કામ પાર પડશે. આર્થિક બાબતે ચોક્કસ યોજના બને. પરિવારમાં માન વધે. મહેમાનનું આગમન થાય. બૌદ્ધિક કામમાં તમારી કદર થાય. લોકોને મદદરૂપ થશો. નવા ઘર મકાનની યોજનામાં પ્રગતિ થાય. બહારના કામનો બોજ રહે.

કન્યા (પ,ઠ,ણ):- સપ્તાહ દરમિયાન કડક નિર્ણય લેવાનું બને. લાગણીઓ પર કાબૂ રાખવો પડશે. અચાનક કોઈ સમસ્યાનું સમાધાન યોગ્ય નિર્ણયથી થાય. દાંપત્યજીવનમાં તાલમેળ વધે. અસંતોષ અને ઝઘડાળુ દાંપત્યમાં ગેરસમજ દૂર થવાથી રાહત થાય. આર્થિક પ્રગતિ માટે જૂના સંપર્કો મદદરૂપ બનશે. પારિવારિક ધંધામાં આવક વધે. સંતાનોના કામમાં મદદ મળે. નવી નોકરી મળે. પ્રવાસમાં ધીરજ રાખવી.

તુલા (ર,ત):- ચાલુ વીકમાં સમાજજીવનમાં સુધારો થાય. મિત્રો સાથે ઘર્ષણથી અશાંતિ વધે. આરોગ્ય બાબતે અચાનક ખર્ચા વધશે. વિદેશથી શુભ સમાચાર મળે. પ્રેમ પ્રકરણમાં સાથ મળે. નોકરીમાં પ્રમોશન થાય. રોમેન્ટીક મુલાકાત થાય. સમાજમાં પ્રભાવ વધશે. સરકારી યોજનાનો લાભ મળે. જાહેર જીવનમાં યશ મળે. ધંધાની નવી તક મળે. ઉઘરાણી આવવાથી રાહત થાય. ખર્ચા પણ વધશે.

વૃશ્ચિક (ન,ચ):- ચાલુ વીકમાં સ્પર્ધાત્મક પરીક્ષા કે ઈન્ટરવ્યુમાં સફળતા મળે. વિદ્યાર્થીઓને ટેકનોલોજીનું જ્ઞાન મળે. આર્થિક પ્રગતિ થાય. શેર બજારમાં લાભ વધશે. મિત્રોનો સાથ સામાજિક કામમાં મળે. ઈર્ષાળુ મિત્રોથી નુકસાન થઈ શકે છે. સહકર્મીઓથી સમસ્યા પેદા થઈ શકે છે. આત્મવિશ્વાસમાં અહંકારથી બચવું. વાહન ધીમે હાંકવું. પડવા-વાગવા પાણીથી સાવધાન રહેવું. મન ખૂબ જ ચંચળ રહેશે.

ધન (ભ,ધ,ફ,ઢ):- સપ્તાહ નવા વેપાર ધંધાની શરૂઆત માટે અનુકૂળ છે. શુભ સમાચાર મળે. ઉચ્ચ કક્ષાનાં લોકો અને સમાજમાં અગ્રણીઓ સાથે સંબંધો મજબૂત બનશે. રોમેન્ટીક મુલાકાત થાય. પ્રેમમાં ધીરજ રાખવી. નવાં રોકાણ લાભદાયક રહે. સંતાનોના ભવિષ્ય માટેની યોજના બને. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. પ્રેમ વિવાહની ઓફર આવે. ગુપ્ત શત્રુઓથી સાવધાન રહેવું. ખર્ચા વધશે.

મકર (ખ,જ):- સપ્તાહ વધુ મહેનતવાળું રહે. આયોજીત અને હાથ પરનાં કામ પૂર્ણ થાય. સરકારી નોકરિયાતવાળાને અચાનક ભાગ્યનો સાથ મળે. પ્રમોશન કે મનગમતી જગ્યાએ કામ મળે. વિદેશથી શુભ સમાચાર મળે. કાયદા કાનૂન બાબતે મદદ મળે. ઘરમાં સુખ-સગવડ વધવાથી શાંતિનો અનુભવ થાય. સ્વતંત્ર ધંધમાં નવી યોજના પાર પડે. પ્રેમપ્રકરણોમાં સાવધાની રાખવી.

કુંભ (ગ,સ,શ,ષ):- સપ્તાહની શરૂઆતમાં ઘરમાં વાતાવરણ તણાવ પૂર્ણ રહે. મન અશાંત અને ઉગ્ર બને. વધુ પડતો આત્મવિશ્વાસ નવી સમસ્યા પેદા કરશે. સરકારી કામ, કોર્ટ, કચેરી, આર્થિક વ્યવહાર બાબતે સાવધાન રહેવું. જીવનસાથી અને મિત્રોનો સાથ મળવાથી પરિસ્થિતિ સુધરશે. નોકરીમાં હકારાત્મક પ્રગતિ થાય. કામની કદરથી ઉત્સાહ વધશે. નવા કામની તક મળે. આવક વધે.

મીન (દ,ચ,ઝ,થ):- સપ્તાહ દરમિયાન દાંપત્યજીવન ઉત્સાહજનક નવી નોકરી, નવું ઘર, નવા વાહન બાબતે ખૂલીને ચર્ચાથી અનુકૂળતા થશે. અચાનક શુભ સમાચાર મળે. વિવાહલાયક યોગ્ય પાત્ર મળે. વિદેશના કામમાં ગતિ આવે. કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. આવક વધારવાની યોજનામાં પ્રગતિ થાય. સરકારી નોકરીની શક્યતા વધે. પોતાનું લક્ષ્ય પ્રાપ્ત કરવાની તક અચાનક મળશે. ધીરજ રાખવી.

ગુરુ- સૂર્યની કર્કમાં યુતિ

તા. 16/07/2026ની રાતથી સૂર્યની ગુરુ સાથે યુતિની સાથે જ ગુરુ અસ્ત થવાથી પોતાની શકિત ગુમાવી દેશે. તા. 10/08/2026 સુધી ગુરુદેવ અસ્ત રહેશે. તા. 16/07/2026 થી તા. 17/08/2026 સુધી સૂર્ય કર્કમાં ભ્રમણ કરશે. સામાન્ય રીતે આ એક શુભ યોગ બને છે. પણ વાસ્તમાં સૂર્ય-ગુરુની આ યુતિનુ ફળ નકારાત્મ વધુ રહેશે. અને તે પણ દેશ અને દુનિયાના રાજકારણમાં તેનો નકારાત્મ પ્રભાવ વધુ જોવા મળશે.

સૂર્ય સત્તા, સરકાર, આત્મા અને દેશ તથા દુનિયાના શકિતશાળી લોકોનું પ્રતિનિધિત્વ કરે છે. જ્યારે ગુરુ ન્યાયતંત્ર, શિક્ષણ, આર્થિક બાબતો, ધર્મ અને ધર્મ સંસ્થાનો તથા શેરબજાર પર અસર કરનાર છે.

ગુરુ અર્થ વ્યવસ્થા અને વેપાર ઉદ્યોગના વિસ્તાર કરનાર હોવાથી વૈશ્વિક સ્તર પર આર્થિક સંકટ પેદા કરનાર બને છે. ઉદ્યોગ-ધંધા, શેરબજાર, બેંકિંગ સેકટર પર નકારાત્મ અસર થશે. જળતત્વની રાશિમાં અસ્તના થતા ગુરુદેવ કૃષિ અને ખાદ્ય ઉત્પાદનની સ્થિતિ અસંતુસિત કરશે. વરસાદની અછત અને અતિવૃષ્ટિથી નુકશાનના યોગ પ્રબળ બને છે. સૌથી વધુ પ્રભાવ, ન્યાયતંત્ર, શિક્ષણ, ધર્મ અને રાજનિતિ પર થવાથી લોકોમાં અસંતોષ વધશે. કારણ કે સૂર્ય અહંકારનો કારક હોવાથી સરકાર અને જનતા વચ્ચે સંઘર્ષ વધારનાર બને છે.

જ્યોતિષની દૃષ્ટિએ ગુરુ આંતરરાષ્ટ્રિય પર ચાલતા વિવાદોને દ્રિપક્ષીય સમજોતા કે વાટાઘાટાથી નિરાકરણ લાવનાર ગ્રહ છે. પણ સૂર્યના તેજમાં પોતાનો પ્રભાવ ઓછો થતો હોવાથી વિવાદો કે તણાવમાં કમી કે નિવારણ નહીં લાવી શકે, દુનિયા અને દેશની કૂટનિતિ તરીકોથી સમસ્યાનું સમાધાન લાવવું મુશ્કેલ છે. કારણ અહંકાર અને વિસ્તાર એટલે કે સૂર્ય અને ગુરુની પ્રકૃતિ નકારાત્મક રીતે ટકરાવાથી દુનિયા અને દેશમાં ચાલતી સમસ્યા વકરશે.

સૂર્ય આરોગ્યના કારક દેવ છે. જળતત્ત્વની રાશિમાં લોકોની માનસિક ભાવના ભડકશે અને રોગો વકરશે. અતિચારી ગુરુ જળ એટલે કે પાણીને લગતી સમસ્યા વધારશે. વરસાદી તુફાન, નદી-નાળાના પુર નુકશાન કારક બનશે.

સ્વતંત્ર ભારતની કુંડલીમાં આ યોગ ત્રિજાભાવમાંથી ભાગ્યને પ્રભાવિત કરે છે. ત્રિજુ સ્થાન ગઠબૈધનનું પ્રતિક છે. આ સ્થાનમાં ગુરુનું શુભ ફળ મળતુ નથી માટે વર્તમાન સરકાર પર મુસીબતો વધે. ગઠબંધનમાં ભંગાણ પડવાની શક્યતા બતાવે છે. ભાગ્ય સ્થાન ધર્મ અને શિક્ષણ તથા ન્યાયને પ્રભાવિત કરે છે. સૂર્ય-ગુરુ જ્ઞાન અને શિક્ષણ તથા ન્યાયના કારક છે. માટે દેશમાં ચાલતા આંદોલનોથી સરકારને નુકશાન થઇ શકે છે. દેશની જનતાની ન્યાયની ભાવના પ્રભલ બનશે. ન્યાય માટે ઉગ્ર લડત થાય કારણ કે સૂર્ય સરકાર અને અહંકારનો કારક છે અને ગુરુ જન સામાન્યના હીતમાં વિસ્તારનો કારક છે. માટે સરકાર, જનતા, વિપક્ષી અને ગઠબંધનમાં રહેલ પક્ષોમાં ભંગાણ પડવાના યોગ બને છે. 20/07/2026 થી સૂર્ય ન્યાયના દેવ શાંતિના પુષ્ય નક્ષત્રમાં પ્રવેશ કરે છે અને ગુરુ સાથે અંશાત્મક યુતિમાં આવશે માટે ન્યાય માટેની લડત ઉગ્ર બનશે. દેશમાં ચાલતુ વિદ્યાર્થીઓનું આંદોલન અને ભુખ હડતાળ પર બેઠેલ લોકો તરફ જનતાની સહાનુભૂતિ પ્રબળ બનશે અને ન્યાયની લડત ઉગ્ર બને. હાલમાં સ્વતંત્ર ભારતની કુંડલી પ્રમાણે મંગળની મહા દશા શુભ નથી ખાસ કરીને સત્તાધારી પક્ષ માટે નકારાત્મક છે. કારણ કે મંગળ બાવીસમાં પ્રષ્ઠોણનો માલિક છે જે શુભ માનવામાં આવતો નથી ઉપરાંત યોછઠમાં નવમોશનો માલિક પણ મંગળ છે. અને મંગળ 02/08/2026 વૃષભમાં નવા ક્રાંતિકારી પરિવર્તનના યોગ કરે છે. દેશની કુંડળીમાં ગોચરનો રાહુ પણ પરિવર્તનના યોગ કરે છે અને ડિસે. 2026 સુધીની રાહત અંતર દશા છે. ઉપરાંત આપણા વડા પ્રધાન મોદીની કુંડળીમાં સૂર્ય-ગુરુની નકારાત્મક યુતિ ભાગ્યભાવમાં થાય છે માટે તેમની મુસીબત સૌથી વધુ વધવાની છે. સરકારમાં ફેરફાર, રાજીનામા અને સરકારની ઇચ્છા વિરૂધ્ધની ઘટના બનવાના છે. રાહુલ ગાંધીની કુંડળીમાં આ યોગ દસમાં સ્થાનમાં બને છે માટે નવા પરિવર્તનને હવા મળશે. વિદ્યાર્થીઓના અને ભુખ હડતાળના લડવૈયાઓનું આત્મબળ વધે તેવી શક્યતા ખાસ કરીને ગુરુ-સૂર્યની પુષ્ઠક્ષત્રમાં થતી યુતિ સંકેત આપે છે. જ્યોતિષશાસ્ત્ર સંભાવનાને વ્યકત કરતું શાસ્ત છે. સંભાવનાને બળ ગ્રહ-નક્ષત્રની ચાલ આફે છે માટે દેશમાં નવી સંભાવનાની શક્યતા.

અનુસંધાન ... પાના પહેલાનું

ઉત્તર અને...

પણ ચોમાસુ સક્રિય થઇ રહ્યું છે અને હવામાન વિભાગે અનેક વિસ્તારો માટે આગામી ૨૪ કલાકમાં ભારે વરસાદ કે ગાજવીજ સાથે વરસાદની ચેતવણી આપી છે.

ભારે વરસાદની...

એક અધિકારીએ જણાવ્યું કે, "આઈએમડી દ્વારા જારી કરાયેલી ખરાબ હવામાનની એડવાઇઝરીને ધ્યાનમાં રાખીને, વૈષ્ણો દેવી યાત્રા અસ્થાયી રૂપે સ્થગિત રહેશે."

નાગાલેન્ડમાં ભારે...

ખોરવાઈ ગયો છે. અસરગ્રસ્ત વિસ્તારોના પરિવારોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે અને રાહત કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. નાગાલેન્ડના મુખ્યમંત્રી નેફિયુ રિયોએ આ આપત્તિને કારણે થયેલા જાનમાલના નુકસાન અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી છે અને શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. ભારે વરસાદ ચાલુ રહેવાની શક્યતા હોવાથી જિલ્લા વહીવટીતંત્રે રહેવાસીઓને ભૂસ્ખલન સંભવિત વિસ્તારો, નદી કિનારા અને પૂર પ્રભાવિત વિસ્તારોથી દૂર રહેવા અપીલ કરી છે.

રામ મંદિર...

અને ભક્તો દ્વારા ચડાવવામાં આવતી ભેટ-સોગાદોની કસ્ટડી, મૂલ્યાંકન અને નિકાલ માટેની માર્ગદર્શિકા તૈયાર કરી હતી. આ બેઠક શરૂઆતમાં મણિરામ છાવણી ખાતે યોજાવાની હતી, પરંતુ બાદમાં તેને રામ મંદિર પરિસરમાં સ્થળાંતરિત કરવામાં આવી હતી. એસઆઈટીના અંતિમ અહેવાલ પર સૂચિત ચર્ચા મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. કારણ કે, રાજ્ય સરકારે મંદિરમાં મળેલા દાનની ઉચાપતની તપાસના આદેશ આપ્યા હતા. આ વિવાદને કારણે વહીવટી અને કાનૂની કાર્યવાહી શરૂ થઈ છે, જેમાં આ તપાસ ટ્રસ્ટીઓ સમક્ષ એક મુખ્ય મુદ્દો રહેવાની અપેક્ષા છે.

વાંગચુકને અન્ય...

હોસ્પિટલમાં ખસેડવાની મંજૂરી મેળવવા માટે દિલ્હી હાઈકોર્ટના દરવાજા ખખડાવ્યા છે, અને તેઓ રવિવારે જ પોતાની અરજી પર તાકીદની સુનાવણીની માંગ કરશે. હાઇકોર્ટે તાકીદની સુનાવણી હાથ ધરી હતી અને અરજી નકારી કાઢી હતી.

હોસ્પિટલ પરથી પોતાનો વિશ્વાસ ઉઠી ગયો છે તેમ ભારપૂર્વક જણાવતા ગીતાંજલિ જે. આંગમોએ કહ્યું કે, તેઓ વાંગચુકની તબિયત વધુ બગડે તે પહેલાં તેમને સફદરજંગ હોસ્પિટલમાંથી બહાર કાઢીને પોતાની પસંદગીની કોઈ ખાનગી હોસ્પિટલમાં ખસેડવા માંગે છે. આંગમોએ હાઈકોર્ટમાં દાખલ કરેલી તેમની અરજીમાં જણાવ્યું હતું કે, વારંવાર વિનંતી કરવા છતાં સફદરજંગ હોસ્પિટલના સત્તાવાળાઓએ તેમને માત્ર પસંદગીની માહિતી જ આપી છે. આ ઉપરાંત, વાંગચુકને અન્ય હોસ્પિટલમાં ખસેડવાની મનાઈ કરીને હોસ્પિટલે તેમની તબીબી સ્થિતિની સ્વતંત્ર ચકાસણી થવા દીધી નથી. જો કે દિલ્હી હાઈકોર્ટ કાર્યકર્તા સોનમ વાંગચુકની અહીંની સફદરજંગ હોસ્પિટલમાં ચાલી રહેલી સારવારમાં હસ્તક્ષેપ કરવાનો ઈનકાર કરી દીધો હતો અને જણાવ્યું હતું કે, ઉપવાસ પર બેઠેલા કાર્યકર્તાને જંતર-મંતરથી સરકારી હોસ્પિટલમાં ખસેડવાના સરકારના નિર્ણયને મનસ્વી કહી શકાય નહીં. રવિવારે ખાસ સુનાવણીમાં જસ્ટિસ મિની પુષ્કર્ણાએ જણાવ્યું હતું કે, આ તબક્કે કાર્યકર્તાને તાત્કાલિક અન્ય જગ્યાએ સ્થાનાંતરિત કરવા માટે કોઈ વચગાળાના આદેશની જરૂર નથી. આ અવલોકન વાંગચુકના પત્ની ગીતાંજલિ જે. આંગમો દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર આવ્યું છે, જેમાં તેમણે વાંગચુકને ખાનગી હોસ્પિટલમાં ખસેડવાની મંજૂરી માંગી હતી.

દરમ્યાન, સફદરજંગ હોસ્પિટલે રવિવારે જણાવ્યું હતું કે, કાર્યકર્તા સોનમ વાંગચુકને અહીં હોસ્પિટલમાં જરૂરી તબીબી સારવાર આપવામાં આવી રહી છે અને નિષ્ણાતોની એક ટીમ તેમની સ્થિતિ પર નજીકથી નજર રાખી રહી છે, કારણ કે લાંબા સમય સુધી ઉપવાસ કરવાને કારણે શારીરિક તણાવ અને પ્રણાલીગત અસરોને લીધે તેમના લોહીના માપદંડો આંશિક રીતે બદલાયા છે. આ માહિતી હોસ્પિટલ દ્વારા અગાઉના દિવસે અપાયેલા એ નિવેદન બાદ આવી છે, જેમાં કહેવામાં આવ્યું હતું કે સારવાર કરી રહેલી ટીમ અને એઇમ્સના એક સ્વતંત્ર નિષ્ણાત દ્વારા વારંવાર સમજાવવામાં આવ્યા હોવા છતાં વાંગચુકે ઇન્ટ્રાવેનસ ફ્લુઇડ્સ, ઓરલ રીહાઇડ્રેશન સોલ્યુશન(ORS) અને તમામ દવાઓ લેવાનો ઇનકાર કરી દીધો હતો, જ્યારે તેમના પરિવારે પણ હજુ સુધી ભલામણ કરાયેલી તબીબી સારવાર માટે સંમતિ આપી નથી.

આજની સંસદ...

સફદરજંગ હોસ્પિટલમાંથી તેમની પત્ની ગીતાંજલિ જે. એંગમો દ્વારા શેર કરવામાં આવેલા એક હસ્તલિખિત સંદેશમાં, વાંગચુકે 'અન્યાયમાંથી મુક્તિ'ને કથિત પેપર લીક સાથે અને 'ભયમાંથી મુક્તિ'ને તેમની પોતાની 'ગેરકાયદેસર અટકાયત' સાથે જોડી હતી. વાંગચુકના X એકાઉન્ટ પર શેર કરવામાં આવેલી આ નોંધમાં લખ્યું હતુંઃ ''૨૦મી જુલાઈ. ભારતનું બીજું સ્વતંત્રતા આંદોલન. અન્યાયમાંથી મુક્તિ (જેમ કે પેપર લીક). ભયમાંથી મુક્તિ (મારી ગેરકાયદેસર અટકાયત).'' તેમાં આગળ કહેવામાં આવ્યું હતું, ''સંસદ તરફ કૂચ. કૃપા કરીને તેને મોટી સફળતા બનાવો.'' આ નોંધના અંતે લખ્યું હતું, 'સફદરજંગમાં મારી ગેરકાયદેસર અટકાયતમાંથી ગીતાંજલિ દ્વારા મોકલવામાં આવ્યું.' 'ગેરકાયદેસર અટકાયત'નો ઉલ્લેખ વાંગચુકના તે આક્ષેપનું પુનરાવર્તન કરતું જણાય છે કે જંતર-મંતર વિરોધ સ્થળ પરથી તેમને બળજબરીથી લઈ ગયા બાદ, તેમને તેમની ઈચ્છા વિરુદ્ધ સફદરજંગ હોસ્પિટલમાં રાખવામાં આવ્યા છે.ફોકરોચ જનતા પાર્ટી(CJP)એ ૨૦ જુલાઈના રોજ સંસદ કૂચનું આહવાન કર્યું છે, જેમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં કથિત અનિયમિતતાઓ અંગે જવાબદારી, પરીક્ષા પ્રણાલીમાં સુધારા અને કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ કરવામાં આવી છે. વાંગચુક, જેઓ ૨૮ જૂનના રોજ CJPના આંદોલનમાં જોડાયા હતા, તેમને જંતર-મંતર પર તેમની લાંબી ભૂખ હડતાલ બાદ સફદરજંગ હોસ્પિટલમાં બળજબરીથી ખસેડવામાં આવ્યા હતા.

આંધ્રમાં...

અંગે આરોગ્ય વિભાગના વરિષ્ઠ અધિકારીઓ સાથે ફોન પર ચર્ચા કરી હતી અને દક્ષિણના આ રાજ્યમાં કોવિડ-19ની પ્રવર્તમાન સ્થિતિની સમીક્ષા કરી હતી. અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર, RF.5 એ કોરોનાવાયરસના ઓમિક્રોન વેરિઅન્ટનો જ એક સબ-લાઈનેજ છે અને તે વિશ્વભરમાં ઓળખાયેલા ઓમિક્રોનના કેટલાક સબ-લાઇનેજમાંનો એક છે. મેડિકલ એજ્યુકેશનના ડાયરેક્ટર વિષ્ણુવર્ધને જણાવ્યું હતું કે, SARS-CoV-2 ના નિયમિત જીનોમિક સર્વેલન્સના ભાગરૂપે RF.5 વેરિઅન્ટ પર નજર રાખવામાં આવી રહી હતી. વિશ્વ આરોગ્ય સંસ્થા(WHO) પણ આ સ્ટ્રેન પર નજર રાખી રહી છે, જે સિંગાપોર અને દક્ષિણ-પૂર્વ એશિયાના કેટલાક દેશોમાં વધુ સંખ્યામાં નોંધાયો છે. હાલમાં ઉપલબ્ધ વૈજ્ઞાનિક પુરાવાઓનો અવાલો આપતા તેમણે જણાવ્યું હતું કે, RF.5 એ ઓમિક્રોનના અન્ય વેરિઅન્ટ્સ કરતાં વધુ ખતરનાક હોવાના કોઈ સંકેતો નથી, અને જનતાએ ગભરાવાની કોઈ જરૂર નથી, માત્ર સતર્કતા રાખવી જરૂરી છે.

સર્વપક્ષીય...

જેમાં બળવાખોર ટીએમસી સાંસદોને ગૃહમાં અલગ બેઠકો ફાળવવામાં આવી છે, તેમજ મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેના સાથે બળવાખોર શિવસેના(યુબીટી) સાંસદોના વિલીનીકરણને મંજૂરી આપવામાં આવી છે. સર્વપક્ષીય બેઠક ચાલી રહી હતી તે દરમિયાન જ સંસદ ભવન પરિસરમાં પત્રકારો સાથે વાત કરતા કોંગ્રેસના નેતા પ્રમોદ તિવારીએ જણાવ્યું હતું કે, ટીએમસી અને શિવસેના(યુબીટી)ના બળવાખોર સાંસદો અંગે સ્પીકરના નિર્ણયના વિરોધમાં વિપક્ષે સર્વપક્ષીય બેઠકમાંથી વોકઆઉટ કરવાનો નિર્ણય લીધો હતો. ટીએમસી સાંસદ મહુઆ મોઈત્રાએ જણાવ્યું હતું કે કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી, ડીએમકે (DMK), જેએમએમ (JMM), આમ આદમી પાર્ટી, નેશનલ કોન્ફરન્સ, ડાબેરી પક્ષો, શિવસેના (યુબીટી) સહિતના સમગ્ર વિપક્ષે વિરોધમાં બેઠકમાંથી વોકઆઉટ કર્યો હતો કારણ કે કથિત એનસીપીઆઈ(NCPI), જે એક બિન-માન્યતા પ્રાપ્ત પક્ષ છે, તેને આમંત્રિત કરવામાં આવ્યો હતો. સંસદનું ચોમાસુ સત્ર સોમવારથી શરૂ થશે અને ૧૩ ઓગસ્ટ સુધી ચાલશે.

આતંકીઓને પાકિસ્તાનથી ફંડ મળતું હતું, ૪ મહિના કાશ્મીરમાં તાલીમ મેળવી

ગાંધીનગરઃ ગુજરાતમાં મોટા પાયે આતંકી હુમલાનું કાવતરું ઘડનાર જૈશ-એ-મોહંમદના મોડ્યુલનો ગુજરાત એટીએસએ પર્દાફાશ કરતાં ચોંકાવનારા ખુલાસા સામે આવ્યા છે. તપાસમાં જાણવા મળ્યું છે કે પકડાયેલા આતંકીઓએ કાશ્મીરમાં AK-47 અને પિસ્તોલની તાલીમ ઉપરાંત ઝેરી ગેસ અને ટાઈમર બોમ્બ બનાવવાની પણ તાલીમ લીધી હતી. સિદ્ધપુર નજીક આઠ વખત બોમ્બના ટ્રાયલ કરવામાં આવ્યા હતા અને ગુજરાતમાં આત્મઘાતી હુમલાની તૈયારી ચાલી રહી હતી. પાકિસ્તાન સ્થિત હેન્ડલરો પાસેથી ફંડિંગ અને માર્ગદર્શન મેળવી છેલ્લા કેટલાક મહિનાથી સમગ્ર નેટવર્ક સક્રિય હોવાનો ATSને ખુલાસો થયો છે. ગુજરાત એટીએસની તપાસ મુજબ મુખ્ય આરોપી અહેમદ ગાજીવાલા અને ઇબ્રાહીમ કાશ્મીર જઈને આશરે આઠ મહિના સુધી ગુપ્ત સ્થળે AK-47 રાઈફલ અને પિસ્તોલ ચલાવવાની તાલીમ લઈ આવ્યા હતા. આ સમગ્ર કાવતરામાં પાકિસ્તાન સ્થિત હેન્ડલર અબ્દુલ્લા, આફરીન કુરેશી અને એક કાશ્મીરી શખ્સની ભૂમિકા સામે આવી છે. આતંકી પ્રવૃત્તિ માટે પાકિસ્તાની હેન્ડલર દ્વારા આશરે ત્રણ લાખ રૂપિયાનું ફંડ મોકલવામાં આવ્યું હતું, જેમાંથી કાર અને બાઇક ખરીદવામાં આવ્યા હતા. વડોદરામાં કાશ્મીરી વ્યક્તિ સાથે ગુપ્ત બેઠકો યોજાઈ હોવાનો પણ ATSને પુરાવો મળ્યો છે.

અમદાવાદમાં 12 ગેરકાયદે ફટાકડાની ફેક્ટરી ધમધમતી હતી

ગણેશ મહોત્સવના ઓર્ડર પૂરા કરવા ફટાકડા બનાવતા હતા

અમદાવાદઃ અમદાવાદના રામોલ વિસ્તારમાં ગેરકાયદેસર રીતે ચાલી રહેલી ફટાકડાની ફેક્ટરીમાં થયેલી ભીષણ દુર્ઘટનામાં બે બાળકો સહિત નવ મજૂરોનાં મોત બાદ પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે. રામોલ પોલીસે ફેક્ટરીના સંચાલક રમીલાબેન ડોડિયા, તેમના પુત્ર મેહુલ ડોડિયા અને ભાગીદાર સાદિક સૈયદની ધરપકડ કરી છે. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે ફેક્ટરીનું લાયસન્સ રદ થઈ ચૂક્યું હોવા છતાં ગણેશોત્સવ માટેના ઓર્ડરો પૂરા કરવા નફાખોરીના હેતુથી ગેરકાયદેસર રીતે ઉત્પાદન શરૂ કરવામાં આવ્યું હતું, જેના કારણે આ જીવલેણ દુર્ઘટના સર્જાઈ હતી. જેમાં ૯નાં મોત થયા હતાં. પોલીસે અત્યાર સુધીમાં 12 ગેરકાયદે ફેક્ટરી શોધી કાઢી છે.

પોલીસ તપાસમાં ખુલાસો થયો છે કે ફટાકડાની ફેક્ટરીમાં કાચા સ્ટ્રક્ચરમાં મજૂરો ગન પાવડર ભરીને ફટાકડા તૈયાર કરી રહ્યા હતા ત્યારે અચાનક ભીષણ આગ ભભૂકી ઊઠી હતી. ઘટનાના સમયે મેહુલ ડોડિયા સ્થળ પર હાજર હતો અને તેને ઈજા પણ થઈ હતી, પરંતુ બાદમાં તે ત્યાંથી ફરાર થઈ ગયો હતો. પોલીસે તેને ઝડપી લઈને રમીલાબેન ડોડિયા અને ભાગીદાર સાદિક સૈયદ સાથે ધરપકડ કરી છે.

તપાસમાં સામે આવ્યું છે કે વર્ષ 2013થી આ સ્થળે ફટાકડાનું ઉત્પાદન થતું હતું. અગાઉ પણ અહીં એક દુર્ઘટનામાં એક વ્યક્તિનું મોત થતાં ફેક્ટરી બંધ કરાઈ હતી. ત્યારબાદ નવા લાયસન્સ હેઠળ ફરી કામગીરી શરૂ થઈ હતી. માર્ચ-2026માં લાયસન્સની મુદત પૂર્ણ થતાં પોલીસે ફેક્ટરી બંધ કરાવી હતી અને સમયાંતરે તેની ચકાસણી પણ કરવામાં આવતી હતી.

પોલીસના જણાવ્યા મુજબ ફેક્ટરી પાસે 29 જુલાઈ સુધીનું ફાયર એનઓસી હતું, પરંતુ સ્ટ્રક્ચર સ્ટેબિલિટી સર્ટિફિકેટ, નોન-એગ્રીકલ્ચર મંજૂરી, મજૂરોનો વીમો અને ઈલેક્ટ્રિકલ સેફ્ટી પ્રમાણપત્ર જેવી જરૂરી મંજૂરીઓના અભાવે લાયસન્સ રદ કરવામાં આવ્યું હતું. તેમ છતાં રથયાત્રાના બંદોબસ્ત દરમિયાન પોલીસ વ્યસ્ત હોવાનો લાભ ઉઠાવી આરોપીઓએ ગેરકાયદેસર રીતે ફરી ઉત્પાદન શરૂ કર્યું હતું.

દરમિયાન, દુર્ઘટનાના CCTV ફૂટેજ પણ સામે આવ્યા છે, જેમાં એક જ ક્ષણમાં થયેલા પ્રચંડ વિસ્ફોટની તીવ્રતા સ્પષ્ટ જોવા મળે છે. વિસ્ફોટ એટલો ભયંકર હતો કે ઘટનાસ્થળથી લગભગ 500 મીટર દૂર આવેલી ફેબ્રિકેશન ફેક્ટરીના કાચ તૂટી ગયા હતા અને ત્યાં કામ કરતા મજૂરો જીવ બચાવવા બહાર દોડી આવ્યા હતા. સમગ્ર મામલે ફોરેન્સિક તપાસ ચાલુ છે અને પોલીસ તમામ પાસાઓની ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે.

કપડવંજની દુર્ઘટનામાં સાદિકની ભૂંડી ભૂમિકા

અમદાવાદ શહેર પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌતે જણાવ્યું હતું કે ધરપકડ કરાયેલ ભાગીદાર સાદિક સૈયદનો સંબંધ થોડા દિવસ અગાઉ ખેડાના કપડવંજમાં બનેલી ફટાકડાની ફેક્ટરી દુર્ઘટના સાથે પણ સામે આવ્યો છે. કપડવંજની ફેક્ટરી આવેલી જમીન તેની માલિકીની હોવાનું અને નાણાકીય વ્યવહારોમાં પણ તેની સીધી સંડોવણી હોવાનું તપાસમાં બહાર આવ્યું છે.

ઇંડિયન બેંક Indian Bank ઇલાહાબાદ ALLAHABAD

ઝોનલ ઓફિસ સુરત : ૧૦